# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-06-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## CM - Gujarat Chapter Confarance

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં 'ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટાઉન પ્લાનર્સ, ઇન્ડિયા - ગુજરાત ચેપ્ટર' ની કૉન્ફરન્સનો અમદાવાદમાં પ્રારંભ થયો છે.

મુખ્યમંત્રીએ આગામી પાંચ વર્ષમાં ભારત દરેક ક્ષેત્રમાં આત્મનિર્ભર બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.. કોન્ફરન્સમાં ગ્લોબલ વોર્મિંગના પડકારને પહોંચી વળવા માટે પર્યાવરણની જાળવણી ઉપર પણ ભાર મૂકવામાં આવ્યો હતો.. રિડ્યુસ, રિયુઝ અને રિસાયક્લીંગ થકી શહેરી જીવનને વધુ સરળ બનાવવાની પણ વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PM – MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. અગિયાર વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ તેનો ગુજરાતીમાં ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ ઉપરાંત

આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના બધા જ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, એઆઈઆર ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન એઆઈઆર મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે.

ઉપરાંત આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

----------------

## RAIN

રાજ્યમાં વરસાદી મહાલો જામ્યો છે ત્યારે સૌરાષ્ટ્રમાં વરસાદી ઝાપટાંએ ધરતીને ભીંજવી દેતા ખેડૂતોમાં પણ આનંદ વ્યાપ્યો છે..અત્યાર સુધીમાં અમરેલીના ખાંભા ગીર પંથકમાં વરસાદ વરસી રહ્યો છે. જ્યારે સાવરકુંડલા, અમરેલી, લાઠી અને ખાંભા ગીર વિસ્તારમાં ગામડાઓમાં વરસાદ વરસ્યો છે.. ખાંભા નાનુડી, ભાડ સહિત ગ્રામ્ય વિસ્તારોમાં વાવેતર કર્યા બાદ વરસાદ વરસતા ખેડૂતો માં ખુશી જોવા મળી રહી છે. જ્યારે સુરેન્દ્રનગર શહેરી વિસ્તાર તેમજ આસપાસના વિસ્તારોમાં ધીમી ધારે વરસાદ શરૂ થયો છે.. જેથી ચાર દિવસથી અસહ્ય બફારા બાદ સવારથી વાદળ છાયા વાતાવરણ વચ્ચે વરસાદ શરૂ થતા લોકોને રાહત

થઇ છે..જ્યારે  ગારીયાધાર શહેર અને આજુબાજુના વિસ્તારોમાં પણ વરસાદી માહોલ સર્જાતે ખેડૂતોએ ખેતીકામ શરૂ કરી દીધુ છે..

--------

## ARAVALLI - VARSAD

અરવલ્લી જિલ્લાના મોડાસામાં શુક્રવારે મોડી સાંજે પહેલો વરસાદ વરસતા નગરજનો તેમજ આસપાસના ગામોના ખેડૂતોમાં ખુશી પ્રસરી હતી.  શહેરના મેઘરજ રોડ પરની સોસાયટીમાં તેમજ ડીપી રોડ વિસ્તારમાં ગટરમાં જામ સર્જાતા  થોડો સમય પાણી ભરાઈ ગયા હતા જેને કારણે લોકોમાં અંજપો હતો.  જો કે થોડા સમય બાદ પાણી ઓસરી જતા આસપાસના રહીશોએ રાહતનો દમ લીધો હતો...

................................

## Rajkot- Aji-2 Dam

રાજકોટ જિલ્લાના આજી-૨ સિંચાઈ યોજનાના ઉપરવાસમાં પડેલ ભારે વરસાદના કારણે ૯૦% ડેમ ભરાયેલ હોવાથી પૂર્ણ ભરાતા રૂલ લેવલ સપાટી જાળવવા ગમે તે સમયે  પાણી છોડવામાં આવશે.

આથી ડેમના હેઠવાસમાં આવેલા પડધરી તાલુકાના અડબાલકા,બાધી, દહીંસરડા, ડુંગરકા, ગધાડા, હરીપર, ખંઢેરી, નારણકા, સખપર અને ઉકરડા ગામના લોકોને નદીના પટમાં અવરજવર ન કરવા અને સાવચેત રહેવા મામલતદાર  ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલની યાદીમાં જણાવાયું છે.

.................

## BACHU KHABAD- EK PAD MAA KE NAAM

પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પ્રેરિત 'એક પેડ માં કે નામ' અભિયાનમાં સહભાગી થયા હતા..દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના પીપેરો ખાતે પોતાના ૧૦૬ વર્ષના માતા સાથે પરિવારજનો એ નિવાસના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરીને 'એક પેડ માં કે નામ' અભિયાનમાં સહભાગી થયા હતા.તેમણે નાગરિકોને પણ આ અભિયાનમાં સામેલ થવા અપીલ કરી હતી.

(બાઇટ -  બચુભાઇ ખાબડ, પંચાયત અને કૃષિ મંત્રી)

-----------------

SUNITA WILLIAMS

**અવકાશમાં છેલ્લા ઘણા દિવસથી સુનિતા વિલિયમ્સ અટવાયાં છે.. યાંત્રિક ખામી સર્જાતા તેઓ પૃથ્વી પર પરત આવી શક્યા નથી. ત્યારે તેઓ ઝડપથી પરત ફરે તે માટે તેમના વતન મહેસાણાના ઝુલાસણ ગામમાં ત્રણ દિવસની પ્રાર્થના કરવામાં આવી રહી છે.** ઝુલાસણના લોકો અને વિદ્યાર્થીઓએ અખંડ જ્યોત પ્રગટાવી સુનિતા સ્વસ્થ પરત ફરે તે માટે ગામના દોલા માતાજીના મંદિરમાં ૩ દિવસની પ્રાર્થનાનુ આયોજન કર્યું છે. આ ત્રણ દિવસ દરમિયાન અખંડ જ્યોત પ્રજ્વલિત રખાશે અને સતત પ્રાર્થના પણ થશે.

----------------

## Somnath - Free Mega Eye Diagnosis Camp

શ્રી સોમનાથ ટ્રસ્ટ આયોજિત નિશુલ્ક બે દિવસીય મેગા નેત્ર નિદાન કેમ્પનો જિલ્લા કલેકટરના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો હતો.

શ્રી સોમનાથ ટ્રસ્ટ અને અમદાવાદ અસારવા ખાતે સ્થિત એમ.એન્ડ જે. ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓપ્થલ્મોલોજી દ્વારા આયોજિત આ કેમ્પમાં લોકો આંખને લગતા તમામ પ્રકારના રોગોનું નિદાન નિશુલ્ક કરાવી શકશે.

ઓપરેશન કરાવવા માટે અમદાવાદ ખાતેની હોસ્પિટલ સુધી જવા-આવવાનું બસ ભાડું પણ દર્દી અને તેની સાથેના એક વ્યક્તિ એમ બે વ્યક્તિ માટે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા આપવામાં આવશે.

-------------